ના.જિશિસ/શિક્ષણ/આયો–૨/રજા/૨૦૨૨

જિલ્લા પંચાયત કચેરી,
શિક્ષણ શાખા, કચ્છ

તા.૧૧/૦૧/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક શાળા(તમામ) જિ. કચ્છ

**વિષય : વર્ષ – ૨૦૨૨માં પ્રાથમિક શાળાઓમાં રાખવાની રજાઓની યાદી**
સંદર્ભ : ગુજરાત સામાન્ય વહીવટ વિભાગના જાહેરનામા ક્રમાંક : ગસ/૨૦/૨૦૨૧/જસર/૧૦૨૦૨૧/૪૩૧–ઘ તા. ૨૪/૧૧/૨૦૨૧

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે કચ્છ જિલ્લા શિક્ષણ સમિતિ સંચાલિત પ્રાથમિક શાળાઓ માટે વર્ષ : ૨૦૨૨માં નક્કી કરેલ તહેવારો, વેકેશન તથા રજાઓની યાદી આ સાથે સામેલ છે. તે મુજબ અમલ કરવા નોંધ લેશો.

(૧) ઊનાળુ વેકેશન તથા દિવાળી વેકેશન તથા એપ્રિલ માસના સમય અંગેની રાજ્ય કક્ષાએથી નક્કી થયેથી જાણ કરવામાં આવશે.

(૨) શ્રાવણ માસના સોમવારે શાળાઓનો સમય શનિવારના સમય મુજબ રહેશે. તથા નવરાત્રી અને મોળાકત વ્રત દરમ્યાન કન્યા શાળાઓનો સમય શનિવાર મુજબ રહેશે.

(૩) દરેક શાળામાં વર્ષ : ૨૦૨૨દરમિયાન કુલ ૪ (ચાર) સ્થાનિક તહેવાર મુજબની રજાઓ નક્કી કરવાની રહેશે. જે રજા શાળાએ નક્કી કરવાની રહેશે અને તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી પાસે અગાઉથી મંજૂર કરાવવાની રહશે. વર્ષ : ૨૦૨૨માંનક્કી કરેલ સ્થાનિક તહેવારની રજાઓ એક ગામમાં એક સરખી નક્કી કરવાની રહેશે.

(૪) દરેક શિક્ષક પોતાની પસંદગી પ્રમાણે ધાર્મિક બાધ વિના તહેવારોના પ્રસંગોએ ચાલુ વર્ષ દરમ્યાન ૨(બે) મરજીયાત રજાઓ સરકારશ્રીના સંદર્ભ વાળા જાહેરનામા(ભાગ–૨) મુજબ જાહેર કરેલ મરજીયાત રજાઓની યાદી પૈકી વખતો વખત જણાવેલ નિયમ અને સૂચનાને આધીન ભોગવી શકશે. જે તે શિક્ષકે મરજીયાત રજા અગાઉથી મંજૂર કરાવી લેવાની રહેશે.

(૫) શિક્ષકે રજા શાળાના આચાર્યશ્રી/મુખ્ય શિક્ષકશ્રી પાસે, આચાર્યશ્રી/મુખ્યશિક્ષકશ્રીએ ગ્રુપશાળા આચાર્ય પાસે તથા ગ્રુપ શાળા આચાર્યશ્રી/મુખ્ય શિક્ષકશ્રીએ સંબંધિત તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી પાસે મંજૂર કરાવી લેવાની રહેશે.

(૬) મરજીયાત રજાઓનું લીસ્ટ સંદર્ભ દર્શિત જાહેરનામા(ભાગ–૨) મુજબ રહેશે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
કચ્છ – ભુજ

બિડાણ : વર્ષ : ૨૦૨૨માં પ્રાથમિક શાળાઓમાં રાખવાની રજાઓની યાદી

**<u>નકલ સવિનય રવાના :</u>**

(૧) માન. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુ.રા. ગાંધીનગર, બ્લોક નં. ૧૨, જુના સચિવાલય
(૨) માન. જિલ્લા કલેકટરશ્રી, કલેકટર કચેરી, કચ્છ
(૩) માન. પ્રમુખશ્રી, જિલ્લા પંચાયત, કચ્છ
(૪) માન. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, કચ્છ
(૫) માન. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, કચ્છ

**<u>નકલ રવાના :</u>**

(૧) મામલતદારશ્રી, તમામ જિલ્લો : કચ્છ
(૨) તાલુકા વિકાસ અધિકારીશ્રી, તમામ જિ. કચ્છ
(૩) તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ જિ. કચ્છ
(૪) બીટ કેળવણી નિરીક્ષકશ્રી/ બી.આર.સી.કો.ઓ./સી.આર.સી.કો.ઓ, તમામ જિ. કચ્છ
(૫) પ્રમુખ/મંત્રીશ્રી, જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ, કચ્છ
(૬) અધ્યક્ષશ્રી, જિલ્લા રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ, કચ્છ

## જિલ્લા શિક્ષણ સમિતિ, કચ્છ હસ્તકની પ્રાથમિક શાળાઓને વર્ષ : ૨૦૨૨ના વર્ષમાં શાળાઓમાં રાખવાની રજાઓ(તહેવારો)ની યાદી

### સામાન્ય(જનરલ) રજાઓ –૨૦૨૨

| ક્રમ | જાહેર રજાનું નામ | તારીખ | વાર |
|---|---|---|---|
| *૦૧ | મકરસંક્રાંતિ | ૧૪/૦૧/૨૦૨૨ | શુક્રવાર |
| *૦૨ | પ્રજાસત્તાક દિન | ૨૬/૦૧/૨૦૨૨ | બુધવાર |
| ૦૩ | વસંત પંચમી | ૦૫/૦૨/૨૦૨૨ | શનિવાર |
| *૦૪ | મહાશિવરાત્રી | ૦૧/૦૩/૨૦૨૨ | મંગળવાર |
| ૦૫ | હોળી | ૧૭/૦૩/૨૦૨૨ | ગુરૂવાર |
| *૦૬ | હોળી બીજો દિવસ(ધૂળેટી) | ૧૮/૦૩/૨૦૨૨ | શુક્રવાર |
| *૦૭ | ચેટીચાંદ | ૦૨/૦૪/૨૦૨૨ | શનિવાર |
| *૦૮ | (૧) ડૉ. બાબાસાહેબ આંબેડકરનો જન્મદિન<br>(૨) મહાવીર જન્ક કલ્યાણક | ૧૪/૦૪/૨૦૨૨ | ગુરૂવાર |
| *૦૯ | ગુડફ્રાઈડે | ૧૫/૦૪/૨૦૨૨ | શુક્રવાર |
| *૧૦ | અખાત્રીજ, પરશુરામ જયંતિ | ૦૩/૦૫/૨૦૨૨ | મંગળવાર |
| ૧૧ | અષાઢી બીજ(કચ્છી નવું વર્ષ, રથયાત્રા) | ૦૧/૦૭/૨૦૨૨ | શુક્રવાર |
| *૧૨ | મહોરમ(આશૂરા) | ૦૯/૦૮/૨૦૨૨ | મંગળવાર |
| *૧૩ | રક્ષાબંધન | ૧૧/૦૮/૨૦૨૨ | ગુરૂવાર |
| *૧૪ | સ્વાતંત્ર્ય દિન | ૧૫/૦૮/૨૦૨૨ | સોમવાર |
| *૧૫ | પારસી નૂતન વર્ષ દિન(પતેતી)(પારસી શહેનશાહી) | ૧૬/૦૮/૨૦૨૨ | મંગળવાર |
| ૧૬ | શીતળા સાતમ | ૧૮/૦૮/૨૦૨૨ | ગુરૂવાર |
| *૧૭ | જન્માષ્ટમી(શ્રાવદ વદ – ૮) | ૧૯/૦૮/૨૦૨૨ | શુક્રવાર |
| *૧૮ | સંવત્સરી(ભાદ્રપદ સુદ – ૪)(ચતુર્થી પક્ષ) | ૩૧/૦૮/૨૦૨૨ | બુધવાર |
| ૧૯ | ઋષિ પાંચમ | ૦૧/૦૯/૨૦૨૨ | ગુરૂવાર |
| ૨૦ | નવરાત્રિ પ્રારંભ | ૨૬/૦૯/૨૦૨૨ | સોમવાર |
| ૨૧ | હવનાષ્ટમી | ૦૩/૧૦/૨૦૨૨ | સોમવાર |
| ૨૨ | નૈવેદ્ય નોમ(મહાનવમી)(નવમું નોરતું) | ૦૪/૧૦/૨૦૨૨ | મંગળવાર |
| *૨૩ | દશેરા(વિજયા દશમી)(આસો સુદ – ૧૦) | ૦૫/૧૦/૨૦૨૨ | બુધવાર |

**નોંધ :**

(૧) રવિવારના દિવસે જાહેર રજાઓ સામાન્ય રજાના દિવસ તરીકે જાહેર કરેલ નથી.

(૨) ઉપર જાહેર કરેલ મુસ્લિમોની કોઈ પણ રજાઓ જાહેર કરેલા દિવસે આવતી ન હોય તો તહેવાર જે દિવસે ખરેખર ઉજવાય તે દિવસે સરકારના મુસ્લિમ કર્મચારીઓને મરજીયાત રજા આપી શકાશે.

(૪) (*) નિશાની દર્શાવેલ જાહેર રજાઓના દિવસે કચેરીમાં રજા રહેશે.

(૫) મરજીયાત રજાઓની યાદી ગુજરાત સામાન્ય વહીવટ વિભાગના જાહેરનામા ક્રમાંક : ગસ/૨૦/૨૦૨૧/જસર/૧૦૨૦૨૧/૪૩૧–ઘ તા. ૨૪/૧૧/૨૦૨૧ના જાહેરનામાના ભાગ–૨ મુજબની રહેશે.